# District Court,
# Athwalines, Surat.

## ટે ન્ડ ર નો ટી સ

**નંબર –4/2024–25, ડેટા એન્ટ્રી ઓપરેટર ની સેવા પુરી પાડવા અંગે.**

જીલ્લા અદાલત, સુરત નવી કોર્ટ બિલ્ડીંગની કોર્ટો/કચેરીઓ તથા તાબા હેઠળની મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, બારડોલી, કઠોર, ઓલપાડ, માંગરોળ, સુરત(જે ને હવે પછી કચેરી તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે)ની કોર્ટ/કચેરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર પુરી પાડવા માટે રસ ધરાવતી રજીસ્ટર્ડ સંસ્થાઓ/મંડળીઓ કે જેનો અનુભવ ૮ વર્ષ થી ઓછો ન હોય તેવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી વિગેરે પાસેથી GeM Protal પર બીડ મારફતે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ટેન્ડરને લગતી વીગતો, સુચનાઓ, શરતો વિગેરે https://gem.gov.in વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર ભરનાર સંસ્થાએ ભાવ, પૂર્વ લાયકાતને લગતા દસ્તાવેજો વિગેરે વિગતો **તા.૨૨–૧૨–૨૦૨૪** ના પહેલા GeM પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

બીડને લગતા કોઇ પણ સુધારા વધારા ની માહીતી જીલ્લા અદાલત, સુરતના વેબસાઇટ(https://surat.dcourts.gov.in/notice-category/tenders)ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

જીલ્લા અદાલત, સુરતને આ ટેન્ડર મંજુર કર્યા પહેલા બીડમાં કોઇ પણ પ્રકારના સુધારા વધારા કરવાની સત્તા રહેશે. ટેન્ડર મંજુર/નામંજુર કરવા અંગેનો કમીટી તથા જિલ્લા ન્યાયાધિશશ્રીનો નિર્ણય આખરી નિર્ણય રહેશે. નામંજુર કરેલ ટેન્ડર સબંધમાં કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

ઇચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા આ કચેરીની મુલાકાત તા.૧૯/૧૨/૨૦૨૪. સાંજે ૪.૦૦ કલાકે રૂમ નંબર–૧૦૯, નાઝર શાખા, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા અદાલત, સુરત મુકામે લઇ શકાશે. તે ઉપરાંત સ્થાનીક સ્થળ પરિસ્થિતિની જાણ તથા

# District Court,
# Athwalines, Surat.

કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી માહિતગાર થઇ શકશે.

**<u>ટેન્ડરની વિગત ટુંકમાં નીચે મુજબ છે.</u>**

| | |
|---|---|
| Tender Notice No. | 4/2024-25 |
| Earnest Money Deposit Payable | Rs. 1,00,000/- or 3% of the annual contract amount whichever is higher |
| Last date of On-Line Tender Submission. | **22-12-2024 at 18.00 Hrs** |
| Date of On line Opening of Technical Bid. | **16-01-2025 at 18.00 Hrs** |
| Date of On line Opening of Price Bid. | **18-01-2025 at 14.30 Hrs** |

**ટેન્ડર ભરનાર એજન્સીએ પોતાના દસ્તાવેજોનુ ચેક લીસ્ટ(ફ્રોમ-એ અને સી) તૈયાર કરી GeM પોર્ટલ પર અચૂક અપલોડ કરવાનુ રહેશે. જો ચેક લીસ્ટમાં બીડ પ્રમાણેની માહીતી રજુ કરવામાં આવેલ ન હોય તો તે સંસ્થાને ડિસ્કોલીફાઇ કરવામાં આવશે જેની નોંધ લેવી.**

(આર.ટી. વચ્છાણી)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

જિલ્લા ન્યાયાલય,
સુરત.
તા.૧૦-૧૨-૨૦૨૪

# District Court,
# Athwalines, Surat.

## ટેન્ડર નોટીસ

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર નંબર | ૪/૨૦૨૪–૨૫ |
| ૨ | કામનો પ્રકાર | જીલ્લા અદાલત, સુરત તથા તેની તાબાની કોર્ટોમાં ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા પુરી પાડવા અંગે. |
| ૩ | ટેન્ડર મેળવવાની વેબસાઇડ | https://gem.gov.in |
| ૪ | કામ અંગેની માહીતી | જીલ્લા અદાલત, સુરત તથા તેની તાબાની કોર્ટોમાં ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા પુરી પાડવા બાબતે. |
| ૫ | અર્નેસ્ટ મની ડીપોઝીટ (ટેન્ડર પ્રકિયા પૂરી થયા બાદ મળવાપાત્ર રહેશે) | રૂા.૧,૦૦,૦૦૦/– અથવા વાર્ષિક કોન્ટ્રાકટની રકમના 3% બે માંથી જે વધુ હોય તે રકમ **(ફકત ડિમાન્ડ ડ્રાફટ થી જમા કરાવવા)** |
| ૬ | અર્નેસ્ટ મની ડીપોઝીટ જમા કરાવવાની તારીખ | તા.૨૦/૧૨/૨૦૨૪ ના બપોરે ૨.૦૦ વાગ્યા સુધી |
| ૬ | સીકયોરીટી ડીપોઝીટ | સિકયોરીટી ડીપોઝીટની રકમ વાર્ષિક ટેન્ડરની રકમના ૧૦% રહેશે. આ રકમનો ડી.ડી " **એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ, સુરત**"ના નામનો આપવાનો રહેશે. |
| ૭ | સમયગાળો | ૧૧ માસ |

(આર.ટી. વચ્છાણી)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

જિલ્લા ન્યાયાલય,
સુરત.
તા.૧૦–૧૨–૨૦૨૪

# District Court,
# Athwalines, Surat.

## ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા પુરી પાડવા અંગેના ટેન્ડર અંગેની અગત્યની સુચનાઓ.

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ રૂા.૧,૦૦,૦૦૦/–અથવા વાર્ષિક કોન્ટ્રાકટની રકમના 3% બે માંથી જે વધુ હોય તે રકમ નો ડીમાન્ડ ડ્રાફટ " **એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ, સુરત**" ના નામથી ટેકનીકલ બીડ ઓપન થાય તે પહેલા જીલ્લા અદાલત, સુરતને તા.૨૦/૧૨/૨૦૨૪ ના બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ફોર્મ –બી મુજબના પત્ર સાથે કુરીયર/પોસ્ટ મારફત મળે તે રીતે મોકલવાનુ રહેશે. તે સીવાયનુ ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.

(૨) સિકયોરીટી ડીપોઝીટની રકમ વાર્ષિક ટેન્ડરની રકમના ૧૦% રહેશે. જે ડી.ડી " **એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ, સુરત**"ના નામનો આપવાનો રહેશે. જે ઓછામાં ઓછા ૧૨ મહીના ની સિકયોરીટી ડીપોઝીટની રકમ પૈકી ફીકસ ડીપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વીકાર થયે રજુ કરવાની રહેશે. સિકયોરીટી ડિપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના એક મહિના બાદ કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચુકવવામાં આવશે. સિકયોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ સંસ્થાને મળવાપાત્ર થશે નહી તથા તે અંગેની કોઇ પણ જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી.

(૩) GeM પોર્ટલ પર ટેન્ડર ભરનાર સંસ્થાએ પોતાના ભાવો, પૂર્વ લાયકાતને લગત દસ્તાવેજો ઓન લાઇન અપલોડ કરવાના રહેશે અને ફીઝીકલ પત્ર વ્યવહાર કે દસ્તાવેજો અત્રેની કચેરીને મોકલવાના રહેશે નહી. ટેન્ડરને લગતી તમામ પ્રક્રિયા કમીટી સમક્ષ કરવામાં આવશે તેમજ ટેન્ડરની પ્રક્રિયાને લગતા તમામ નિર્ણયો કમીટી દ્વારા લેવામાં આવશે જે નિર્ણય ટેન્ડર ભરનાર તમામ સંસ્થાઓએ માન્ય રાખવાનો રહેશે.

# District Court,
# Athwalines, Surat.

(૪) સંસ્થા/એજન્સી દ્વારા કામકાજની જરૂરીયાત અંગે કે કોઇપણ પ્રકારની પૃચ્છા/જાણકારી માંગવામાં આવેતો અત્રેની કચેરી દ્વારા આપવામાં આવશે. ઇચ્છા ધરાવતી એજન્સીઓ સંબધીત કચેરીની મુલાકાત લઇ અને સ્થાનીક સ્થળ પરિસ્થિતિથી તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઇ શકશે અને સુવિધા વ્યવસ્થાપન માટે માણસો/સાધનો અને સામગ્રીનો અંદાજ ટેન્ડર ભરતાં પહેલા મેળવી શકાશે. જે તા.૧૯/૧૨/૨૦૨૪. સાંજે ૪ કલાકે રૂમ નંબર–૧૦૯, નાઝર શાખા, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા અદાલત, સુરત મુકામે થી જરૂરી માહીતી મેળવી શકશે.

(૫) ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો કમીટીને અબાધીત અધિકાર રહેશે.

(૬) GeM પોર્ટલ ઉપર બીડ ઓપન કરતા તેની ચકાસણી સંબધીત કમીટી દ્વારા કરવામાં આવશે અને કમીટી દ્વારા મંજુર કરેલ બીડ માન્ય ગણવામાં આવશે.

(૭) જે એજન્સી ટેકનીકલ બીડમાં ડિસ્કોલીફાઇ થશે તે આગળની કાર્યવાહીમાં ભાગ લઇ શકશે નહી.

(૮) GeM પોર્ટલ ઉપર કમીટી દ્વારા માન્ય કરેલ સંસ્થાને આગળની કાર્યવાહી માટે રૂબરુ બોલાવી શકાશે.

(આર.ટી. વચ્છાણી)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત

જિલ્લા ન્યાયાલય, સુરત.
તા.૧૦–૧૨–૨૦૨૪.

## જિલ્લા અદાલત, સુરત માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા મેળવવા માટેની કોન્ટ્રાકટની શરતો અને બોલીઓ.

**(૧) રજીસ્ટ્રેશન ફી, ડીપોઝીટ, લાયસન્સ ફી વિગેરે**

(૧) એજન્સીએ કરાર અંગેની સ્ટેમ્પ ડયુટી અંગેનો ખર્ચ ભોગવવાનો રહેશે.

(૨) જે સંસ્થા GeM પોર્ટલ પર બીડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સીલેકટ થયેલ હોય અને ૧ અઠવાડીયામાં કોન્ટ્રાકટ સાઇન ના કરે તો તેની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૩) જે સંસ્થા સાથે કોન્ટ્રાકટ કરવામાં આવે અને ૧(એક) અઠવાડીયા બાદ પણ જો સંસ્થા તરફથી કામગીરી શરૂ કરવામાં ન આવે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૪) જે સંસ્થા ડિસ્કોલીફાઇ થયેલ હોય તેમને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ કોઈ પણ પ્રકારના વ્યાજ વગર ટેન્ડર પ્રકિયા પૂર્ણ થયાના ૧૫ દિવસમાં પરત કરવામાં આવશે.

(૫) એજન્સીએ ટેન્ડરની રકમના ૧૦% સીકયોરીટી ડીપોઝીટ પેટે જિલ્લા અદાલત, સુરત ખાતે જમા કરાવવાના રહેશે.

(૬) જો પંસદગી પામેલ એજન્સી સીકયોરીટી ડીપોઝીટની રકમ ટેન્ડર મુજબ જમા ન કરાવે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) GeM પોર્ટલ ઉપર ટેન્ડર સંબધેના એજન્સી દ્વારા અપલોડ કરેલ દસ્તાવેજો **ચેકલીસ્ટ (ફોર્મ–એ અને સી)** વગરના અથવા ટેન્ડરમાં

જણાવ્યા મુજબ  ન હોય તો સદરહુ સંસ્થાને ડિસ્કોલીફાઇ કરવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

(૮) એજન્સી દ્વારા રોકવામાં આવનાર બહેનો/ભાઇઓના પી.એફ. કે અન્ય કપાતો અંગેની સઘળી જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(૯) એજન્સીએ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા બાબતના તમામ પ્રકારના કાયદાઓ-લેબર કાયદા સહીતનુ, ધ્યાન રાખવુ તથા તેને અનુસરવાનુ રહેશે. આ અંગે કોઇ દાવો સરકારશ્રીમાં થઇ શકશે નહી, તેમજ આ અંગેના જે કોઇ પ્રશ્નો ભવિષ્યમાં ઉપસ્થિત થશે તેની જવાબદારી મંડળી/ સંસ્થાની રહેશે.

(૧૦) કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ અન્વયે રાખેલ કર્મચારીઓનું પેમેન્ટ લઘુત્તમ વેતન ધારો જે તે સમયમાં અમલમાં હોય તથા મજુર અધિનિયમ, ૧૯૭૦ અને ૧૯૭૨ મુજબ ચુકવવાનું રહેશે અને ઇ.એસ.આઇ., પી.એફ. વગેરે નોકરીને લગતા અન્ય કાયદાઓનું ડેટા એન્ટ્રી ઓપરેટરનો કોન્ટ્રાકટ રાખનાર સંસ્થાએ પાલન કરવાનું રહેશે.

**(૨) કરાર અંગેનો સમય તથા કામગીરી અંગે.**

(૧) એજન્સાનો ડેટા એન્ટ્રી ઓપરેટર કામના કરારનો અજમાયશી સમયગાળો પ્રથમ બે માસ દરમ્યાનનો રહેશે ત્યારબાદ કામગીરી સંતોષકારક જણાયેથી કરાર અંગેનો સમયગાળો વધુ (આઠ) માસ

માટે લંબાવામાં આવશે. હાલના કરારનો સમયગાળો ૦૧-૦૨-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૫ સુધી અગિયાર માસનો રહેશે.

અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ અગિયાર માસ માટે કરાર લંબાવી શકાશે જે અંગેનો આખરી નિર્ણય મુખ્ય જિલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી, જિલ્લા અદાલત, સુરતના રહેશે.

(૨) એજન્સી સદરહું કામનો પેટા કોન્ટ્રાકટ અન્ય ઈજારદારને આપી શકશે નહી.

(૩) ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડની તારીખમાં કોઈપણ જાતની આગોતરી જાણ કર્યા સીવાય તથા કારણ આપ્યા સીવાય ફેરફાર કરવાનો અધિકાર અત્રેની કચેરીને રહેશે.

**(૩) એજન્સીની આતંર માળખાકીય સુવિધાઓ તથા દેખરેખ**

(૧) ડેટા એન્ટ્રી ઓપરેટર તમામ લાયકાતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનુ રહેશે, કર્મચારીની વય મર્યાદા ૨૩ વર્ષથી ઓછી નહી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ જે અંગેના પુરાવા જે તે કચેરીના સંબંધિત અધિકારીશ્રી સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) એજન્સીએ જિલ્લા અદાલત, સુરતની તમામ સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને વખતો વખત કામનું નિરીક્ષણ કરાવવાનું રહેશે.

(૩) એજન્સીએ ડેટા એન્ટ્રી ઓપરેટર ની કામગીરી દેખરેખ માટે ઓછામાં ઓછા એક સુપરવાઈઝર રોકવાના રહેશે જેની ચકાસણી નાઝર, જિલ્લા

અદાલત, સુરતના પ્રતિનિધિ મારફતે કરાવવાની રહેશે. જે અંગે વધારાનુ વળતર મળવાપાત્ર રહેશે નહી.

(૪) એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઇ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્થાને નુકસાન થાય તો તેનુ નુકસાન એજન્સી ભરપાઇ કરવા જવાબદાર રહેશે. સરકારે ભોગવવાનું થતું તમામ નુકશાન એજન્સી ભરપાઇ કરવા બંધાયેલ છે.

(૫) દરેક ડેટા એન્ટ્રી ઓપરેટરનો ઇતિહાસ(ચાલચલગત), અંગત વિગતો, વ્યકિતગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપૂર્ણપણે ખરાઇ કર્યા બાદ જ ડેટા એન્ટ્રી ઓપરેટર પૂરા પાડવાના રહેશે. સદરહું બાબતે જરૂર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યકિત/ડેટા એન્ટ્રી ઓપરેટર ને કચેરીએ હાજર કરાશે.

(૬) કચેરી અને ડેટા એન્ટ્રી ઓપરેટર વચ્ચે નોકરી અને તેની આનુષાંગિક કોઇપણ બાબતે જેવી કે માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ કાયદાકીય જવાબદારી રહેશે નહી.

(૭) કામગીરીની અગત્યતા લક્ષમાં લઇ અનિવાર્ય સંજોગોમાં તત્કાલ(on call) કે ચાલુ દિવસે વધારે સમય બેસવાનુ થાય કે જાહેર રજાના દિવસે પણ ડેટા એન્ટ્રી ઓપરેટરએ કામગીરી બજાવવાની રહેશે.

(૮) ફાળવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરની ઉપલબ્ધિ ન હોય ત્યારે અન્ય કોઇ ડેટા એન્ટ્રી ઓપરેટરની તાત્કાલીક તે જ દિવસે અને કચેરી

સમયે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૯) કોઈપણ કારણસર મહિનામાં જેટલા દિવસો ડેટા એન્ટ્રી ઓપરેટર ઉપલબ્ધ નહિ હોય તેટલા દિવસની રકમ એજન્સીના બીલ માંથી વસૂલી લેવામાં આવશે.

(૧૦) એજન્સીએ માસ અંતે ૫ તારીખ સુધીમાં જે તે કચેરીમાં બિલ રજૂ કરવાનું રહેશે.

(૧૧) ઉપર જણાવેલ શરતો સિવાય જાહેર હિત માટે જરૂર જણાય તેવી વધારાની શરતો લાગુ કરવામાં આવે તો એજન્સીએ તેનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આઉટ સોર્સથી સેવામાં લેવામાં આવતા ડેટા એન્ટ્રી ઓપરેટર કર્મચારીને દર મહિનાના ૧ થી ૫ તારીખ સુધીમાં પગાર ચૂકવવાનો રહેશે અને ચૂકવેલ પગારની સ્લીપ તથા પી.એફ બેંક ખાતમાં જમા કરાવ્યાની સ્લીપ આઉટ સોર્સ ડેટા એન્ટ્રી ઓપરેટરને ફરજીયાત આપવાની રહેશે તથા અન્ય જોગવાઇઓનુ પાલન કરવાનુ રહેશે.

(૧૩)એજન્સી દ્રારા આઉટસોર્સના ડેટા એન્ટ્રી ઓપરેટરના પગાર ચૂકવણાની વિગતો કર્મચારીનુ પૂરુ નામ, સરનામુ, મોબાઇલ નંબર, કચેરી/શાખાનુ નામ, માસ દરમ્યાનની તેઓની હાજરી–ગેરહાજરી, માસના અંતે ચુકવેલ રકમ, બેંક ખાતા નંબર સહીત તથા અન્ય કપાતની વિગતોનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે. તેમજ પત્રક સ્વરૂપે દર માસે નાઝર, જીલ્લા અદાલત, સુરતની હીસાબી શાખામાં રજુ કરવાના

રહેશે. જે રજુ થયા બાદજ હિસાબી શાખા દ્વારા ખરાઈ થયેથી એજેન્સીના બીલોનુ ચુકવણુ કરવામાં આવશે.

(૧૪)સરકારશ્રીના ધારાધોરણ મુજબ પી.એફની રકમ ડેટા એન્ટ્રી ઓપરેટરના પી.એફ ખાતામાં તથા કર્મચારી વિમા અધિનિયમ – કર્મચારી વળતર અધિનિયમ નીચે વિમાની કપાયેલી રકમ સંબધીત હેડ લગત સરકારશ્રીમાં જમા કરવાની રહેશે અને બાકી રેહતી રકમના નાણા ઇ બેંકીગ/આર.ટી.જી.એસ. દ્વારા સીધા ડેટા એન્ટ્રી ઓપરેટરના બેંકના ખાતામાં જમા કરવાના રહેશે. નિયમોનુસાર, જી.એસ.ટી સર્વિસ ટેક્ષ, તથા અન્ય તમામ કર/ઉપકરની લાગુ પડતી રકમ સરકારશ્રીના સબધીત વિભાગ/ હેડ લગત જમા કર્યાની યાદી સહીત તમામ રકમો બેંકમાં જમા કર્યાની યાદી અને પી.એફમાં જમા કર્યાની પહોચ રજુ કર્યે થી બીજા મહીને બીલ મુજબની રકમ ચુકવવામાં આવશે. આ રકમો જમા કર્યા બાબતના પુરાવા રજુ કર્યા સિવાય બીલ મંજુર કરવામાં આવશે નહી.

(૧૫)જીલ્લા અદાલત, સુરત તથા સરકાર તરફથી ભવિષ્યમાં વેતન કે ભથ્થામાં કોઇ વધારો / ધટાડો થાય તો તે મુજબ ચૂકવણુ કરવા એજન્સી બધાયેલી રહેશે તથા તે વધારા/ધટાડા મુજબ બીલ રજુ કરવાનુ રહેશે.

(૧૬)એજન્સી દ્વારા આઉટસોર્સથી ડેટા એન્ટ્રી ઓપરેટર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની

રહેશે અને તે માટે સક્ષમ સત્તા/કચેરી કોઇ પણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી.

(૧૭) આ નિયત મહેનતાણામાં કોઇ પણ પ્રકારના વધારા, ઈજાફો, મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત કે પગાર ખર્ચના બીજા લાભો મળવાપાત્ર થશે નહી. પેન્શન, એલ.ટી.સી, રજાનુ રોકડમાં રૂપાતર, પેશગી, કે અન્ય કોઇ નાણાકીય લાભો મળવા પાત્ર રહેશ નહી.

(૧૮) એજન્સી તરફથી આઉટ સોર્સ પુરા પાડેલ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા સંતોષકારક ન જણાય તો અથવા તેમની વિરુધ્ધમાં કોઇ ફરિયાદ કર્યેથી ત્વરીત પરત લઇ અન્ય વ્યકિતને દિન–૧(એક)માં ફાળવી આપવાના રહેશે.

(૧૯)કોઇ પણ સંજોગોમાં એજન્સી તરફથી આઉટ સોર્સમાં પુરા પાડેલ ડેટા એન્ટ્રી ઓપરેટરને છુટા કરવા અથવા બદલવાના કીસ્સામાં અત્રેની કચેરીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૨૦) એજેન્સીને કોઇ પણ પ્રકારની રકમની ચૂકવણી એડવાન્સ પેટે મળશે નહી.

(૨૧) જે તે કચેરીના ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇ એજન્સીને બિલનુ ચુકવણુ કરવામાં આવશે. કચેરીમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોવાના સંજોગો માં એજન્સી કર્મચારીના પગારનું ચૂકવણુ અટકાવી શકશે નહી. કચેરીમાં ગ્રાન્ટ ઉપલબ્ધ થયે થી એજેન્સીને ચૂકવણી કરવાની જવાબદારી જે તે કચેરીની રહેશે.

(૨૨) સદર કોન્ટ્રાકટ અન્વયે એજન્સી જો કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો એજન્સીએ જિલ્લા અદાલત, સુરતને ૨ મહીનાની નોટીસ આપવાની રહેશે તથા આવી પરિસ્થિતિમાં એજન્સી દ્વારા જમાં કરાવવામાં આવેલ સિકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૩) **જે સંસ્થા કે એજન્સી સાથે કોન્ટ્રાકટ નકકી કરવામાં આવશે તેની મુદત તારીખ સુધી અથવા અત્રેની કચેરી દ્વારા નવી ભરતી થયેથી નિયમિત ધોરણે ડેટા એન્ટ્રી ઓપરેટરના કર્મચારી હાજર થાય ત્યા સુધી(બે માંથી જે વહેલુ થાય ત્યાં સુધી) તે કોન્ટ્રાકટ અમલમાં રહેશે.**

(૨૪) આઉટ સોર્સ ડેટા એન્ટ્રી ઓપરેટર ની સેવા અંગેનો આ કરાર એટલે કે કરારનામું બિન તબદીલીપાત્ર રહેશે. એજન્સી બીજી પેટા એજન્સીને રોકી શકશે નહી કે જિલ્લા ન્યાયાલય, સુરતના સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી વગર કોઈ બીજી એજન્સીને કર્મચારીઓ/સેવકો પુરા પાડવાનું કામ તબદીલ કરી શકશે નહી અને આ કામગીરી માટે કરવામાં આવનાર કરારની અન્ય કોઈપણ બાબત બીજી કોઈપણ એજન્સીને તબદીલ કરી શકાશે નહી. એજન્સી પોતાનો કોન્ટ્રાકટ કોઈ અન્ય પેટા એજન્સીને આપી શકશે નહી.

(૨૫) એજન્સી દ્વારા શરતો મુજબ કામગીરી કરવામાં નહી આવે તેમજ તે

અંગે જરૂરી સુચનાઓ આપવા છતા તેનો અમલ કરવામાં નહી આવે તો તે અંગે કરાર રદ કરી પછી ના ક્રમોમા આવતી એજન્સીને કરાર બધ્ધ કરવામાં આવશે અને તેના તફાવતના નાણા પ્રથમ એજન્સી પાસેથી વસૂલ કરવામાં આવશે.

(૨૬) ડેટા એન્ટ્રી ઓપરેટરનાંઓ કામગીરીમાં ફરજ બજાવતા કોઇ ડેટા એન્ટ્રી ઓપરેટરનાંઓનું કામગીરી દરમ્યાન મૃત્યુ/અકસ્માત કે ઇજા અથવા નુકશાન થાય, તેની સઘળી જવાબદારી એજન્સી/ઇજારદારની રહેશે અને આ અંગેના કોઇપણ જાતના વળતરની માંગણી સરકારશ્રી પાસે કરી શકશે નહી.

(૨૭)આઉટ સોર્સની કામગીરીની દર્શાવેલ તમામ શરતો એજન્સીને કબુલ અને મંજુર છે તે બાબતનુ કરાર નામુ એજન્સીએઆ હુકમ મળ્યાની તારીખ થી દિન–૩માં રૂા ૫૦૦/–ના સ્ટેમ્પ પેપર પર કરી અત્રે રજુ કરવાનો રહેશે.

(૨૮) આઉટ સોર્સથી મેળવેલ ડેટા એન્ટ્રી ઓપરેટર અને સરકારશ્રી વચ્ચે નોકરી અને આનુશાંગીક કોઇપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સંબધ અથવા તો અન્ય કોઇ કાયદાકિય જવાબદારી રહેશે નહી. ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ ૧૯૪૭ની કલમ –૧૦(૧) મુજબ પુન સ્થાપનનો દાવો સંબધીત કચેરી/સરકારશ્રી સામે થઇ શકશે નહી.

(૨૯) ટેન્ડરની કોઇ પણ શરતનો ભંગ થશે તો સક્ષમ અધિકારીશ્રી યોગ્ય

જણાય તે મુજબની રકમ સિકયોરીટી ડિપોઝીટ માંથી જમ કરી શકશે તેમજ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કરાર રદ કરી શકશે.

(૩૦) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા વગર જિલ્લા ન્યાયાલય, સુરત દ્વારા એજન્સીને એક માસની નોટીસ આપીને તે કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલા કરારના બાકીના સમયગાળાનું કોઈપણ જાતનું વળતર આપવામાં આવશે નહીં.

(૩૧) કોઈ પણ જાતના શરતી ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. તેમજ કોઈ પણ વિવાદ અંગે સુરત કોર્ટનુ કાર્યક્ષેત્ર રહેશે.

(૩૨)નિમણૂક પામેલ કર્મચારીઓએ જીલ્લા અદાલત, સુરત તથા તેની તાબાની કોર્ટ/કચેરીની કચેરીમાં ફરજ બજાવવાની રહેશે.

(૩૩)સદર કોન્ટ્રાકટ અન્વયે નિયુકત થયેલ કર્મચારીની અવાર નવાર બદલી કરવામાં ન આવે તે અંગેનું એજન્સીમાં ધ્યાન રાખવાનું રહેશે.

(૩૪)કોર્ટોના કેસો, દસ્તોવેજો, રેકર્ડ, કાગળો, વિગેરેની સુરક્ષા તથા ગોપનીયતા જળવાય તે માટેની એજન્સીએ બાહેંધરી આપવાની રહેશે. કોર્ટ–કચેરીને અયોગ્ય જણાતા કે કર્મચારીની કામગીરી, સેવા, વર્તન વિગેરેથી અસંતોષ હોય તેવા કર્મચારીને બદલવાના રહેશે.

(૩૫)કરારના સમયગાળા દરમ્યાન એજન્સીના માલીકનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઈ હકક/દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો ત્રણ માસ અથવા કરાર પુર્ણ થાય ત્યા સુધી જે સમય ઓછો હોય ત્યાં સુધી આ કામગીરી ચાલુ રાખવામાં આવશે. આ સમય દરમ્યાન જિલ્લા અદાલત દ્વારા આ કામગીરી માટે નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૩૬) એજન્સીના અધિકૃત સ્ટાફ સિવાયના અન્ય કોઇ વ્યકિતને કેમ્પસ/બ્લોકમાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહી.

(૩૭) ડેટા એન્ટ્રી ઓપરેટરની કામગીરી સાથે સંકળાયેલ કોઇ પણ ડેટા એન્ટ્રી ઓપરેટર સરકારશ્રી સામે કોઇપણ પ્રકારનો દાવો કે હકક કરી શકશે નહી.

(૩૮) એજન્સીએ કરાર કરતાં પહેલા જરૂરી લાયસન્સો સક્ષમ સત્તાવાળાઓ પાસેથી મેળવી લેવાના રહેશે.

(૩૯) ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાના કર્મચારીનો પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે અને પોલીસ-કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેવુ એફીડેવીટ, ટેન્ડર મંજુર થનાર એજન્સી રજુ કરવાનુ રહેશે.

(૪૦) એજન્સીના કર્મચારી ગેરરીત કરતા પકડાશે તો તેમને તાત્કાલીક અસરથી કામગીરી માંથી દુર કરવાના રહેશે તથા તેમના બદલામાં એજન્સીએ બીજા કર્મચારી પૂરા પાડવાના રહેશે અને આવા ગેરરીતી કરતા કર્મચારીઓને ફરીથી કામગીરી માટે બોલાવવાના રહેશે નહી.

(૪૧) એજન્સી દ્વારા GeM પોર્ટલ પર ટેન્ડર પ્રકિયા દરમ્યાન અપલોડ કરેલ અસલ દસ્તાવેજો અત્રેની કચેરી દ્વારા જયારે પણ રજુ કરવા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

**(૪) ડેટા એન્ટ્રી ઓપરેટર ના કામગીરીની વિગત તથા સ્પષ્ટતાઃ–**

(૧) ડેટા એન્ટ્રી ઓપરેટર ની શૈક્ષણીક લાયકાત ઓછા માં ઓછી સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કરેલ યુનીવરસીટી માંથી સ્નાતક થયેલ હોવા જોઈએ, કોમ્પ્યુટરનુ સામાન્ય જ્ઞાન હોવુ જોઈએ.

(૨) કર્મચારીને અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દી ભાષાનુ પૂરતુ જ્ઞાન હોવુ જોઈએ.

(૩) એજન્સી/ઈજારદારે કે તેમના કોઇ કર્મચારીઓએ કોર્ટની પ્રિમાઇસીસને નુકશાન પહોંચાડયું હશે તો તે એજન્સી/ઈજારદારે ભરપાઇ કરી આપવાનું રહેશે અને તે બાબતે મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી, સુરતએ કરેલ નિર્ણય આખરી રહેશે.

(૪) એજન્સી/ઈજારદાર તરફથી રોકવામા આવતા ડેટા એન્ટ્રી ઓપરેટર માટે જરૂરી પ્રોવિડન્ડ ફંડના નાણાં એજન્સી/ઈજારદાર તરફથી કાપવામાં આવશે છે તથા તે અંગેનું રજીસ્ટર નિભાવવાનુ રહેશે તથા

તેવી બાંહેધરી એજન્સી/ઈજારદારે આપવાની રહેશે તથા પ્રોવિડન્ટ ફંડ અને ઈ.એસ.આઈ. વિગેરે અંગે વધારાના કોઈ નાંણા સરકારશ્રી પાસે એજન્સી/ ઈજારદાર માંગશે નહી, તેવી બાંહેધરી એજન્સીએ આપવાની રહેશે. તેમજ પ્રોવિડન્ડ ફંડ અને ઈ.એસ.આઈ. વિગેરે નિયમ મુજબની કપાત અંગેની રસીદ કર્મચારી દિઠ અત્રેની કચેરીએ જમા કરાવવાની રહેશે.

(૫) કચેરીમાં સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ કલાક સુધી ફરજ બજાવવાની રહેશે. સદર સમયમાં કચેરીની અનુકુળતા મુજબ ફેરફારને આધીન રહેશે.

(૬) નિયુકત કર્મચારીઓએ કામકાજનાં દીવસોમાં સવારે ૦૯:૩૦ કલાકે તેમની ફરજ ઉપર હાજર થવાનુ રહેશે તેમજ કોર્ટની કામગીરી પૂર્ણ થાય ત્યા સુધી ફરજ બજાવવાની રહેશે તથા જાહેર રજાના દિવસે અત્રેની કચેરીની તથા જે તે કોર્ટના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની સુચના મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૭) કરારના સમય દરમ્યિાન કચેરીને વધારાના ડેટા એન્ટ્રી ઓપરેટરની જરૂરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના ડેટા એન્ટ્રી ઓપરેટર માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો અને બોલીઓ લાગુ પડશે. જો નિયત સમય મર્યાદામાં એજન્સીએ ડેટા એન્ટ્રી ઓપરેટર પૂરા પાડવા

અસમર્થ હશે તો કચેરીને અન્ય એજન્સી પાસે થી ડેટા એન્ટ્રી ઓપરેટર મેળવવાની સત્તા રહેશે.

(૮) જરૂર પડે આકસ્મિક કાર્ય/સેવા માટે વધુ સમય કે વધુ માણસો એજન્સીએ પુરા પાડવા પડશે અને તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે અને તે અંગેનુ નિયમ મુજબ વધારાનુ મહેનતાણુ (ગુજરાત સરકારના કમિશ્નર ઓફ લેબર દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નંબર- No.SHR.AA.6/TE.3/199/2023, તા૦૧/૦૪/૨૦૨૩ની કલમ ૬ મુજબ)આપવાનુ રહેશે. જે અંગેનુ બીલ જે તે મહીનાના બીલમાં આકારવાનુ રહેશે.

(૯) વ્યકિતઓની ગેરહાજરી દરમ્યાન બીજી વૈકલ્પિક વ્યવસ્થા વિગેરે કામકાજ માટે એજન્સીએ એક અધિકૃત પ્રતિનિધિ નીમવાનો રહેશે. આ પ્રતિનિધિએ એજન્સીના કર્મચારી/સેવકોને લગતી સઘળી વ્યવસ્થા એજન્સી તરીકે કરવાની રહેશે. એજન્સીએ પ્રતિનિધિનું નામ સરનામું, સંપર્ક નંબર જિલ્લા ન્યાયાલય, સુરતને આપવાના રહેશે.

(૧૦) ડેટા એન્ટ્રી ઓપરેટર પુરા પાડવા અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે જિલ્લા ન્યાયાલય, સુરત કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી અને આ માટે મુકવામાં આવેલા કર્મચારી/સેવકને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચુકવવાની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૧૧) એજન્સીએ પ્રતિ દિન લેબર રીપોર્ટ, જે સુપરવાઈઝરને આ કામ માટે એજન્સીએ નિમેલ હોય તેની સહી સાથે, રજૂ કરવાનો રહેશે.

(૧૨) મે.મુખ્ય જીલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી અથવા તેઓ દ્વારા નિમણૂક કરાયેલ અન્ય અધિકારીશ્રી દ્વારા ઉપરોકત શરતોનુ પાલન થાય છે કે કેમ ? તેનુ નિરીક્ષણ કરવામાં આવશે અને આવા નિરીક્ષણ બાદ તેઓ દ્વારા આપવામાં આવેલ સૂચનાનુ પાલન સંસ્થાએ કરવાનુ રહેશે.

(૬) **કરાર રદ કરવા તથા કબજો સોંપવા બાબતેઃ–**

(૧) એજન્સી/ઈજારદારના માણસો દ્વારા રહેવા કે જમવા માટેની કોઈ જ વ્યવસ્થા કોર્ટ બિલ્ડીંગમાં કે પ્રિમાઈસીસમાં કરી શકશે નહી.

(૨) એજન્સી/ઈજારદારે તેમની સાથેનો કરાર સમય પુર્ણ થયા બાદ સરકારી મિલ્કત ખાલી કરવાની રહેશે.

(૩) એજન્સીએ સરકારશ્રીના લાગુ પડતા ટેક્ષ નિયમાનુસાર ભરવા પડશે.

(૪) એજન્સી મારફતે કોઇ કોર્ટ કંમ્પાઉન્ડમાં કોઈપણ પ્રકારનું કાયમી બાંધકામ કરી શકશે નહી.

(૫) એજન્સી/ઈજારદારને જિલ્લા અદાલત, સુરતના પક્ષે (૨)બે માસની નોટીસ આપીને કરાર રદ કરી શકાશે.

(૬) ડેટા એન્ટ્રી ઓપરેટરની કામગીરી અંગે કોઇ પણ વિવાદ ઉભો થશે તો મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી સુરતનો નિર્ણય આખરી ગણાશે.

(૭) દર માસના પ્રથમ અઠવાડીયામાં અગાઉના માસનું થયેલ કામનું બીલ રજુ કરવાનું રહેશે.

(૮) કરાર થયા બાદ કરાર બાબતે એજન્સી તથા અત્રેની કચેરી વચ્ચે કોઇ બાબતે મતભેદ થાય તો સદરહુ મતભેદ આર્બીટ્રિટર(મધ્યસ્થી) સમક્ષ રજુ કરવામાં આવશે અને તેનો નિર્ણય બંને પક્ષકારોને માન્ય કરવાનો રહેશે.

જિલ્લા ન્યાયાલય, સુરત.
તા.૧૦-૧૨-૨૦૨૪.

(આર.ટી. વચ્છાણી)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

## જીલ્લા અદાલત, સુરત માટે ડેટા એન્ટ્રી ઓપરેટર સેવા પૂરી પાડવા બાબતેની પૂર્વ લાયકાતો

૧. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનું છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનું સરેરાશ વાર્ષિક ટર્ન ઓવર ૭૦ લાખ કે તેથી વધુ હોવું જોઇએ. આ માટે છેલ્લા ત્રણ વર્ષના **(વર્ષ ૨૦૨૧–૨૦૨૨, વર્ષ ૨૦૨૨–૨૦૨૩, વર્ષ ૨૦૨૩–૨૦૨૪)** ઓડીટેડ ઈન્કમ સ્ટેટમેન્ટ ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

૨. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના **(વર્ષ ૨૦૨૧–૨૦૨૨, વર્ષ ૨૦૨૨–૨૦૨૩, વર્ષ ૨૦૨૩–૨૦૨૪)** ઇન્કમ ટેક્ષ રીટર્ન ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

૩. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ રૂા.૭ લાખ કે તેથી વધુ રકમનું સોલવંશી સર્ટીફીકેટ ઓનલાઇન અપલોડ કરવાની રહેશે. સોલવંશી સર્ટીફીકેટ એક વર્ષથી વધારે જુનું ન હોવું જોઇએ.

૪. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં **(વર્ષ ૨૦૨૧–૨૦૨૨, વર્ષ ૨૦૨૨–૨૦૨૩, વર્ષ ૨૦૨૩–૨૦૨૪)** ઓછામાં ઓછા ત્રણ કચેરી સુવીધા વ્યવસ્થાપનના વાર્ષિક રૂા.૭૦ લાખ કે તેથી વધુના કામ સંતોષકારક રીતે પુર્ણ કરેલ હોવા જોઇએ. જે અંગેના સર્ટીફીકેટ ઓનલાઇન અપલોડ કરવાનુ રહેશે.

૫. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાની હેડ ઓફીસ ગુજરાતમાં હોવી જોઇએ જે માટે સંસ્થા નોંધણીનુ સર્ટીફીકેટ અપલોડ કરવાનુ રહેશે અને ઓફીસ સુરત માં હશે તેવી સંસ્થાને કમીટીને યોગ્ય લાગશે તો પ્રાથમીકતા આપી શકાશે

૬. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનો કોર્ટ/કચેરીમાં કામગીરી અંગેનો અનુભવ હશે તેવી સંસ્થાને કમીટીને યોગ્ય લાગશે તો પ્રાથમીકતા આપી શકાશે.

૭. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનો પૂર્વ ઇતિહાસ સ્વચ્છ છે, નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર નથી અને પોલીસ–કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર એફીડેવીટ કરી ઓનલાઇન અપલોડ કરવાનુ રહેશે.

# District Court,
# Athwalines, Surat.

૮. ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થા પાસે નીચે જણાવેલ સર્ટીફીકેટ હોવા જોઇએ જે ટેકનીકલ બીડના કવરમાં મોકલવાના રહેશે.

(A) પેઢીનું નોંધણી સર્ટીફીકેટ (Firm Registration Certificate)
(B) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ
(C) GST Registration Certificate
(D) પ્રોવિડન્ટ ફંડ તથા ઈએસઆઇ સર્ટીફીકેટ.
(E) આવક વેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.
(F) નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી અને પોલીસ–કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર.
(G) માન્ય શ્રમ લાયસન્સ (Valid labour license)
(H) શ્રમ કલ્યાણ બોર્ડ નોંધણી (Labour welfare board registration)
(I) જી.એસ.ટી કલીયરન્સ સર્ટીફીકેટ
(j) સંસ્થાની પાન કાર્ડની કોપી

**નોંધઃ** ૧. ઉપરોકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચુક ઓનલાઇન અપલોડ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.

૨. GeM પોર્ટલ પર કોઇ પણ ટેકનીકલ ક્ષતિ હોય તો તે અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી અને તે બાબતે કોઇ રજુઆત સાંભળવામાં આવશે નહી.

જિલ્લા ન્યાયાલય,
સુરત.
તા.૧૦–૧૨–૨૦૨૪

**(આર.ટી. [illegible])**
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

# District Court,
# Athwalines, Surat.

## ફોર્મ –એ

| ક્રમ | વિગત | Yes/No | વિગત |
|---|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | | |
| | સરનામું | | |
| | કોન્ટેક નંબર | | |
| ૨ | અર્નેસ્ટ મની ડીપોઝીટ (ડિમાન્ડ ડ્રાફટ) | | નંબર..........<br>તારીખ........<br>રકમ.........<br>બેકનુ નામ..........  શાખા........ |
| ૩ | પેઢીનું નોંધણી સર્ટીફીકેટ (Firm Registration Certificate) | | |
| ૪ | પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ | | |
| ૫ | GST Registration Certificate | | |
| ૬ | પ્રોવિડન્ટ ફંડ તથા ઈએસઆઈ સર્ટીફીકેટ | | |
| ૭ | આવક વેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ. | | |
| ૮ | નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી અને પોલીસ–કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર. | | |
| ૯ | માન્ય શ્રમ લાયસન્સ (Valid labour license) | | |
| ૧૦ | શ્રમ કલ્યાણ બોર્ડ નોંધણી (Labour welfare board registration) | | |
| ૧૧ | જી.એસ.ટી કલીયરન્સ સર્ટીફીકેટ | | |
| ૧૨ | સંસ્થાની પાન કાર્ડની કોપી | | |
| ૧૩ | સોલંવશી સર્ટીફીકેટ | | |
| ૧૪ | છેલ્લા ૩ નાણાકીય વર્ષના ઓડીટેડ ઈન્કમ સર્ટીફીકેટ (વાર્ષિક રૂા.૭૦ લાખ કે તેથી વધુ ) | | |
| ૧૫ | છેલ્લા ૩ નાણાકીય વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન (વાર્ષિક રૂા.૭૦ લાખ કે તેથી વધુ ) | | |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | અનુભવના સર્ટીફીકેટ | | |
| ૧૭ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ? નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર નથી અને પોલીસ–કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર છે ? બાંહેધરી પત્ર આપવું. | | |

**નોંધ– સંસ્થા દ્વારા ઉપરોક્ત જણાવેલ માહીતી મુજબના દસ્તાવેજોની ખરી/સ્વપ્રમાણીત નકલ GeM Protal પર અપલોડ કરવાના રહેશે.**

# District Court,
# Athwalines, Surat.

## (ફોર્મ –બી)
## સંસ્થાના લેટર પેડ પર

પ્રેશક

સંદર્ભ–
તારીખ–

પ્રતિ,
મે. મુખ્ય જીલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી,
જીલ્લા અદાલત,
સુરત–૩૯૫૦૦૭.

વિષય– ટેન્ડર નંબર–૨/૨૦૨૪–૨૫ માટે ઇ.એમ.ડીની રકમ જમા કરવા બાબતે.

મેહ.સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય અને ટેન્ડરની શરતો અને બોલીઓ મુજબ જણાવવાનુ કે, અમો ડી.ડી નંબર–………………, તા.–………………, ………………, ……………… (બેંક નુ નામ અને શાખા)નો રૂા………………નો ડિમાન્ડ ડ્રાફ્ટ આ સાથે સામેલ રાખેલ છે જે સ્વીકારી લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(નામ અને સહી)

# District Court,
# Athwalines, Surat.

## ફોર્મ – સી

ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા પૂરી પાડેલ હોય તેવા અનુભવની માહીતી દર્શાવતુ પત્રક

| સી. નં | સંસ્થાનુ નામ | ફાળવેલ ડેટા એન્ટ્રી ઓપરેટર ની સંખ્યા | વાર્ષિક કોન્ટ્રાકટની રકમ | કોન્ટ્રાકટના શરૂઆતની તારીખ | કોન્ટ્રાકટ પૂર્ણ થયાની તારીખ | કોન્ટ્રાકટ ના કુલ મહીના |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

નોંધ–ઉપરોકત ફોર્મમાં દર્શાવેલ અનુક્રમ મુજબ જરૂરી દસ્તાવેજો ક્રમ અનુસાર રજુ કરવા.